Paper Code – 4005

M.A. Sem – 3itarajug (New Course)
Mar-Jun - 2021
id 305 – લોકસાહિત્યનું સંશોધન સંપાદન અને ગતિવિધિ (Theory)

કુલ સમય :– ૬૦ મીનીટ **કુલ પ્રશ્નો : ૫૦** **વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો : ૩૫**

નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૩૫ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૩૫ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.

(૧) લોકસાહિત્યમાં સંશોધનની કેટલી પદ્ધતિઓ આવેલી છે ?
(A) એક (B) બે (C) ત્રણ (D) ચાર

(૨) મૂળ આધારિત માહિતી સંશોધનની કઈ પદ્ધતિમાં આવેલી છે ?
(A) ઐતિહાસિક (B) ગ્રંથાલય (C) નિરીક્ષણ (D) મુલાકાતી

(૩) વ્યકિતગત દસ્તાવેજ કઈ પદ્ધતિમાં આવે ?
(A) મુલાકાત (B) ગ્રંથાલય (C) નિરીક્ષણ (D) ઐતિહાસિક

(૪) સંસ્થાગત દસ્તાવેજ કઈ પદ્ધતિમાં આવે ?
(A) નિરીક્ષણ (B) ઐતિહાસિક (C) મુલાકાત (D) ગ્રંથાલય

(૫) લોકકથાઓ સંપાદનની કઈ પદ્ધતિમાં આવે ?
(A) સ્વરૂપની દ્રષ્ટિએ (B) વિષયની (C) પ્રદેશની (D) જાતિ પ્રમાણે

(૬) INDEX સંશોધનની કઈ પદ્ધતિમાં આવે ?
(A) ઐતિહાસિક (B) ગ્રંથલાય (C) મુલાકાત (D) નિરીક્ષણ

(૭) નિરીક્ષણ પદ્ધતિના કેટલા પ્રકાર છે ?
(A) એક (B) બે (C) ત્રણ (D) ચાર

(૮) 'આદિવાસીનાં લોકગીતો' સંપાદનની કઈ પદ્ધતિમાં આવે ?
(A) વિષયની (B) જાતિ (C) સ્વરૂપ (D) પ્રદેશ

(૯) સંદર્ભગ્રંથો કઈ પદ્ધતિમાં વપરાય ?
(A) ગ્રંથાલય (B) મુલાકાત (C) નિરીક્ષણ (D) ઐતિહાસિક

(૧૦) 'રમુજી ગરબાઓની ચોપડી' કઈ સાલમાં પ્રગટ થઈ ?
(A) ૧૮૫૮ (B) ૧૯૦૩ (C) ૧૯૪૮ (D) ૧૯૫૫

(૧૧) મેઘાણી કંઠસ્થ ગુર્જર સાહિત્યનો પહેલો સુવર્ણ સ્પર્શ કોને કહે છે ?
(A) લગ્નગીત (B) ગુજરાતના લોકગીત (C) બાળગીત (D) રાસમાળા

(૧૨) 'ગોપીચંદ રાજાનો ગરબો' કઈ સાલમાં પ્રસ્તુત થયો હતો ?
(A) ૧૯૦૦ (B) ૧૮૭૫ (C) ૧૮૯૪ (D) ૧૯૦૫

(૧૩) લોકસાહિત્યના સંપાદનનો બીજો તબકકો કયાંથી કયાં સુધીનો છે ?
(A) ૧૯૦૫ થી ૧૯૨૨ (B) ૧૯૨૩ થી ૧૯૪૮ (C) ૧૯૫૦ થી ૧૯૬૦ (D) ૧૯૮૦ થી ૨૦૦૦

(૧૪) 'લોકગીત' એવો શબ્દ કોણે આપ્યો ?
(A) ઝવેરચંદ મેઘાણી (B) રણજિતરામ મહેતા (C) જયમલ પરમાર (D) જોરાવરસિંહ જાદવ

(૧૫) 'વીર માંગડાવાળો' વાર્તાના સંપાદક કોણ છે ?
(A) શંકર તડવી (B) મનુભાઈ જોધાણી (C) મધુભાઈ પટેલ (D) હરગોવન ત્રિવેદી

(૧૬) લોકસાહિત્ય સંપાદન 'અનુભવકથા'ના સંપાદક કોણ છે ?
(A) ઝવેરચંદ મેઘાણી (B) ઈશ્વરલાલ વીમાવાળા (C) મધુ પટેલ (D) અમૃત પટેલ

(૧૭) 'ડોશીમાની વાતો' સંગ્રહ કયારે પ્રગટ થયો ?
(A) ૧૯૨૦ (B) ૧૯૪૫ (C) ૧૯૨૩ (D) ૧૯૭૫

(૧૮) 'કચ્છી કહેવતો' કોનું સંપાદન છે ?
(A) મનુભાઈ પરમાર (B) દુલેરાય કારાણી (C) ઝવેરચંદ મેઘાણી (D) શાંતિલાલ આચાર્ય

(૧૯) 'કચ્છકલાધર સંગ્રહ'માં શેનું સંપાદન થયું છે ?
(A) ઐતિહાસિક કથાઓ (B) પ્રેમકથાઓ (C) લોકગીતો (D) રાસડાઓ

(૨૦) ઈશ્વરલાલ વીમાવાળાએ શાનું સંપાદન કર્યું છે ?
(A) મરશીયા (B) દુહાઓ (C) ખાયણાં (D) ભજન

(૨૧) 'સોરઠી વિભૂતિઓ' સંગ્રહના સંપાદક કોણ છે ?
(A) મનુભાઈ મેઘાણી (B) ઝવેરચંદ મેઘાણી (C) મધુ પટેલ (D) શંકર તડવી

(૨૨) છગનલાલ રાવળના ગીત સંગ્રહનું નામ જણાવો ?
(A) રસઝરણાં (B) રસકિલ્લોલ (C) રસસંગમ (D) રસરંજન

(૨૩) 'ફૂલેરાંની લાડી' સંગ્રહમાં શાનું સંપાદન છે ?
(A) લગ્નગીતો (B) હોળીગીતો (C) મરશીયા (D) બાળગીતો

(૨૪) 'લીલામોરિયા'ના સંપાદક કોણ છે ?
(A) અમૃત પટેલ (B) ભગવાનદાસ પટેલ (C) પ્રેમજી પટેલ (D) શંકર તડવી

(૨૫) 'રાજના આદિવાસી છેલિયા' સંપાદન કોનું છે ?
(A) જયાનંદ જોશી (B) રેવાબેન તડવી (C) અમૃત પટેલ (D) ખોડીદાસ પરમાર

(૨૬) 'મુંનો ઢોલે રમું' સંગ્રહના સંપાદકનું નામ જણાવો ?
(A) અમૃત પટેલ (B) જયમલ્લ પરમાર (C) મધુ પટેલ (D) ભગવાનદાસ પટેલ

(૨૭) નીચેનામાંથી કયું સંપાદન શાંતિભાઈ આચાર્યનું છે ?
(A) હેંડો વાત માંડીએ (B) સરસ્વતીને કાંઠે (C) કાળુડો માંડુની (D) ગોઠીયા

(૨૮) કંઠસ્થ લોકસાહિત્ય માટે Folk-Lore શબ્દ યોજનાર અંગ્રેજ વિદ્વાન કોણ હતા ?
(A) કર્નલ ટોડ (B) થોમ્પસન (C) વિલિયમ જોન થોમસ (D) મેરિયન

(૨૯) લોકકથાનું મૂળ ભારતમાં છે – એવું કયા વિદ્વાન માને છે ?
(A) રોઝર (B) પેન્ઝર (C) કર્નલ ટોડ (D) ક્રિનક્રેઈડ

(૩૦) ગુજરાતીમાં 'લોકકથા' શબ્દ યોજનાર પ્રથમ વિદ્વાન કોણ છે ?
(A) શોરાબજી ચીકન (B) પૂતળીબાઈ (C) નર્મદ (D) રૂસ્તમ ઈરાની

(૩૧) લોકસાહિત્યનો શાસ્ત્રીય અભ્યાસ સર્વપ્રથમ કયાં શરૂ થયો હતો ?
(A) પશ્ચિમી સાહિત્યમાં (B) પૂર્વીય સાહિત્યમાં (C) ભારતમાં (D) નેપાળમાં

(૩૨) 'લોકસાહિત્યનું સમાલોચાન' કોનું પુસ્તક છે ?
(A) કનુ જાની (B) પુષ્કર ચંદરવાકર (C) બળવંત જાની (D) ઝવેરચંદ મેઘાણી

(૩૩) ' ગુજરાતી લોકવિદ્યા' કોનું પુસ્તક છે ?
(A) હસુ યાજ્ઞિક (B) કનુ જાની (C) નર્મદ (D) દલપતરામ

(૩૪) ઝવેરચંદ મેઘાણીનું 'રઢીયાળી રાત' (ભાગ ૧–૪) શેનું પુસ્તક છે ?
(A) લોકકથા (B) લોકગીત (C) દુહાઓ (D) કહેવતો

(૩૫) 'નાગર સ્ત્રીઓમાં ગવાતાં ગીતો' લોકગીત સંગ્રહ કોનો સંપાદન ગ્રંથ છે ?
(A) દલપતરામ (B) પૂતળીબાઈ (C) ફાર્બસ (D) નર્મદ

(૩૬) 'રાસમાળા' (ભાગ ૧–૨) કોનો સંપાદિત ગ્રંથ છે ?
(A) નર્મદ (B) ફાર્બસ સાહેબ (C) પૂતળીબાઈ (D) મહિપતરામ

(૩૭) લોકવાર્તાના વર્ગીકરણની પ્રક્રિયા સૌપ્રથમ કઈ સાલમાં થઈ ?
(A) ૧૮૯૧ (B) ૧૮૯૨ (C) ૧૯૫૦ (D) ૧૯૨૦

(૩૮) 'ઉત્તર ગુજરાતની લોકકથાઓ' એ કેવા પ્રકારનું સંપાદન છે ?
(A) પ્રદેશ પ્રમાણે (B) જાતિ પ્રમાણે (C) વિષયની દૃષ્ટિએ (D) સ્વરૂપ પ્રમાણે

(૩૯) 'રમૂજી ગરબાઓની ચોપડી' (૧૮૫૮)ના સંપાદક કોણ છે ?
(A) પૂતળીબાઈ (B) દલપણરામ (C) શોરાબજી (D) નર્મદ

(૪૦) 'કચ્છની રસધાર (ભાગ–૧,૨)' લોકકથા સંગ્રહના સંપાદક કોણ છે ?
(A) દુલેરાય કારાણી (B) નર્મદ (C) ફાર્બસ (D) ઝવેરચંદ મેઘાણી

(૪૧) લોકકથાની સરખામણીમાં લોકવાર્તાનો વિસ્તાર કેવો હોય છે ?
(A) સંક્ષિપ્ત (B) લાંબો (C) ખૂબ લાંબો (D) એકેય નહીં

(૪૨) 'ગુજરાત કાઠિયાવાડ દેશની વાર્તાઓ' કોનું પુસ્તક છે ?
(A) ફરામજી માસ્ટર (B) ભટ્ટ ખીમજી (C) રૂસ્તમ ઈરાની (D) પૂતળીબાઈ

(૪૩) 'રંગ છે ! બારોટ' કોનું સંપાદિત પુસ્તક છે ?
(A) કનુ જાની (B) દુલેરાય કારાણી (C) ઝવેરચંદ મેઘાણી (D) દુલા ભાયા કાગ

(૪૪) મેઘાણી સંપાદિત 'ચૂંદડી' (ભાગ ૧–૨) નામના પુસ્તકમાં શું સંગ્રહિત છે.
(A) લોકકથા (B) લગ્નગીત (C) હાલરડાં (D) ઋતુગીતો

(૪૫) નીચેનામાંથી રણજિતરામ વાવાભાઈ મહેતાનું પુસ્તક કયું છે ?
(A) લોકરંગ (B) લોકરીત (C) લોકગીત (D) લોકવાત

(૪૬) લોકસાહિત્યના સંશોધન માટે અગાઉ થયેલ કાર્ય જોવું જરૂરી છે, એ માટે ક્ષેત્રકાર્યની કઈ પદ્ધતિ ઉપયોગી બને ?
(A) ઐતિહાસિક (B) ભૌગોલિક (C) પ્રશ્નોત્તરી (D) ગ્રંથાલય

(૪૭) લોકસાહિત્યના સંશોધન માટે ક્ષેત્રકાર્યની નિરીક્ષણ પદ્ધતિના પેટાપ્રકારો કેટલાં છે ?
(A) પાંચ (B) ચાર (C) ત્રણ (D) બે

(૪૮) લોકસાહિત્યના સંશોધનમાં ઈતિહાસ વિષયક માહિતી મેળવવી જરૂરી હોય છે– એ માટે ક્ષેત્રકાર્યની કઈ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે ?
(A) ઐતિહાસિક સંશોધન પદ્ધતિ (B) પ્રશ્નોત્તરી
(C) ભૂગોળ (D) એકેય નહીં

(૪૯) હરગોવિંદ કાંટાવાળાના કયા પુસ્તકમાં ટુચકા સંગ્રહિત થયેલા છે ?
(A) ટચૂકડી સો વાતો (B) ટૂચકા (C) ટૂચકા સંગ્રહ (D) ટૂચકાનો રંગ

(૫૦) પરી, ડાકણ, રાક્ષસ, મત્સ્યકન્યા વગેરે શેનાં દૃષ્ટાંત છે ?
(A) મોટીફનાં (B) કથાબિંબ (C) કથા ચક્ર (D) કથાબોધ